ટુંકી મુદતની નિવિદા નં. : ૪૨ વર્ષ ૨૦૦૯–૨૦૧૦

રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ મુકામે આવેલ સ્ટોર અને એલઆરએસનાં મકાનો તોડવાની તેમજ સદર મકાનો તોડવાથી નીકળતી ડેબ્રીજ બોરસદ ચોકડી, અનિકેત પાછળ નાંખી આપવાની રહેશે. આ સિવાયનો તમામ માલસામાન કોન્ટ્રાકટર પોતે લઈ જઈ સાઈટ કલીયર કરી જમીન લેવલ કરવા સાથેની કામગીરી માટેના ભાવો પોતાના લેટરપેડ ઉપર **મહોરબંધ (સીલબંધ) રજી.પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટ**થી કાર્યપાલક ઈજનેરશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮૧૧૦ (ફોન નં. ૦૨૬૯૨–૨૬૩૯૭૨) ખાતે મોડામાં મોડા **તા. ૨૬–૩–૨૦૧૦** સુધી મોકલી આપવાની શરતે મંગાવવામાં આવે છે. ભાવો ભરતી વખતે **બાનાની રકમ પેટે મકાન નં. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને પાણીની ટેન્કર માટે અલગ–અલગ રૂ.૫,૦૦૦/– તથા કલ્ટીવેટર માટે રૂ. ૧૦૦૦/–નો ડી.ડી./એફ.ડી.આર./રોકડ "એ.એ.યુ. ફંડ એકાઉન્ટ",આણંદ**ના નામનો રજુ કરવાનો રહેશે. આવેલ ભાવપત્રક સ્વીકારવા કે કોઈ કારણ દર્શાવ્યા વિના અસ્વીકાર કરવાનો યુનિવર્સિટીને અબાધિત હકક રહેશે અને બધીજ કામગીરી પોતાની જવાબદારીથી **૩૦ દિવસમાં** પૂર્ણ કરવાની રહેશે. સમયમર્યાદા પછી કોઈ જાતનો માલસામાન ફાર્મ પરથી ઉઠાવવા દેવામાં આવશે નહિ અને બાનાની રકમ પરત કરવામાં આવશે નહી. તોડવાની કામગીરી દરમ્યાન નજીકના અન્ય ફાર્મ સ્ટ્રકચરને નુકશાન ન થાય તે જોવાનું રહેશે. ટેન્ડરની તમામ વિગતો www.aau.in પરથી જોઈ/વાંચી શકાશે. **મકાનો જોવા અને શરતો માટે અત્રેની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે અને સરળતા માટે તોડવાનાં થતાં તમામ મકાન પર નંબર દર્શાવેલ છે એ મુજબ અલગ–અલગ મકાનનાં અલગ–અલગ ભાવો આપવાનાં રહેશે.**

આણંદ તા ૧૬–૩–૧૦

**મકાનો તોડવાની અને માલસામાન ઉઠાવવાની વિગત અને શરતો. જે સહી કરીને ભાવપત્રક સાથે મૂકવાની રહેશે.**

(૧) **મકાન નંબર –૧, ૨, ૩, ૪, ૫, ૬ ડીપોઝીટની રકમ રૂા. ૫,૦૦૦.૦૦ દરેક મકાન માટે અલગ–અલગ ભરવાની રહેશે.**

૧.૧ મકાનની વિગત :– મા.કુલપતિશ્રીની નવી કચેરી પાછળના શેડ તથા ગેટ સાથે ઓફિસ અને સ્ટોર. આ મકાનોમાં ઉત્તર તરફની દિવાલ ૬' ઉંચાઈની જે તે હાલતમાં રાખવાની રહેશે.

(૨) **મકાન નંબર –૭ ડીપોઝીટની રકમ રૂા. ૫,૦૦૦.૦૦**

૨.૧ મકાનની વિગત :– લેબર કવાર્ટર તથા વોટર ટેંકની પૂર્વનો જી.આઈ. શીટવાળો રૂમ તથા હોજ ઉપરના પતરા સાથે આગળના લેબર કવાર્ટરને નુકશાન કર્યા વગર કામગીરી કરવાની રહેશે.

(૩) **મકાન નંબર –૮, ૯ ડીપોઝીટની રકમ રૂા. ૫,૦૦૦.૦૦ દરેક માટે અલગ–અલગ**

૩.૧ મકાનની વિગત :– હોજની પાછળના લેબર કવાર્ટર તથા મા.કુલપતિશ્રીની નવી કચેરીના વાયવ્ય ભાગમાં આવેલ શેડ.

(૪) **પાણીનું ટેન્કર ડીપોઝીટની રકમ રૂા. ૫,૦૦૦.૦૦**

(૫) **કલ્ટીવેટર ડીપોઝીટની રકમ રૂા. ૧,૦૦૦.૦૦**

(૬) તમામ મકાન તોડીને જમીન લેવલ કરવાનું રહેશે અને ડેબ્રીજ તથા પ્લીંથની માટી અનિકેત પાછળ નાંખવાની રહેશે.

(૭) ટેન્ડર મંજુર થયેથી ટેન્ડરની રકમ દિન–૧૦ માં આ કચેરીની કેશ શાખામાં જમા કરાવવાની રહેશે. જો તેમ કરવામાં ચૂક થશે તો ભરેલ તમામ ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

**એજન્સીની સહી** **કાર્યપાલક ઈજનેર**